

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




આપણે સરહદો પર આતંકી માર વેંઢી છે,
જાણ જાણે કેમ પણ રક્ષકોની ચાલ ટેઢી છે,
મીંઢી છે વાણી આપના નેતાઓની તો ગોળ ગોળ
બાકી મ્યાનમારની સીમાઓ તો આમે ય રેઢી છે
(પોલું છે વાગ્યું એમાં..
૧૬ કિ.મી. આવ-જાની છૂટ જ છે)




કરે છે સાફ!
ખૂદનો જ કચરો -
આપ ઝૂંબેશ..

કરાર વિના!
થઇ ગયું સાંધાઇ -
લ્યો! રાજકોટ..

### ચિંતન

**અપ્રિયાણ્યાપિ કુર્વાણો યઃ પ્રિયઃ પ્રિય એવ સઃ । દગ્ધ મંદિરે સારે અપિ કસ્ય વહ્નાવનાદરઃ ॥**

'અપ્રિય - ન ગમતું કાર્ય કરે તો પણ જે પ્રિય છે તે પ્રિય જ રહે છે. દા.ત. તરીકે ઘરમાં આગ લાગવાથી બધી જ સારી સારી સાધન સામગ્રીનો અગ્નિ નાશ કરી નાખે છતાં અગ્નિ ઉપર કોને અનાદર થાય છે. એની સાથે કોણ સંબંધ કાપી નાખે છે?

ડોકટર ઇન્જેકશન આપી સારવાર કરે માતા કડવાં ઓસડિયા પીવડાવે, હિતેચ્છુ મિત્ર સાચી સલાહ આપે એ પ્રથમ દૃષ્ટિએ ગમતું નથી પણ આપણે જાણીએ છીએ કે જે કંઇ થાય છે એ માત્રને માત્ર આપણા હિત અને સારાં પરિણામ માટે જ થાય છે. તેથી તેના કર્તા આપણે પ્રિય લાગે છે.

અહીં દૃષ્ટાંત અગ્નિનું આપવામાં આવ્યું છે. જયારથી અગ્નિની શોધ થઇ છે ત્યારથી પ્રજા અને વિશ્વના કલ્યાણ માટે જ અગ્નિનો ઉપયોગ થાય છે. અગ્નિ પારસીઓ માટે, હોમ-હવન કરનારા કર્મકાંડી વિદ્વાનો માટે પવિત્ર જ છે.

અગ્નિ દ્વારા કોઇવાર આપણી જ ભૂલને કારણે કંઇ નૂકસાન થાય તેથી કરીને તે કંઇ અપ્રિય થઇ જતો નથી.

### સુવિચાર

- આને લગા જીંદકી કો અંજામ કા ખયાલ.. જબ મેરી આરઝૂ યેં ફૈલ કર એક ફંદા હો ગઇ
  **- રાઝ સિદ્દીકી**
- અભાવ પર જીત મેળવવી એ જીવનની સફળતા છે... તેનો સ્વીકાર કરી ગુલામી ભોગવવી એ કાયરતા છે
  **- શરતચંદ્ર**
- પોતાના નિશ્ચયમાં અડગ રહેનારમાં દુનિયાને પોતાની તરફેણમાં વાળવાની તાકાત આપોઆપ આવી જ જાય છે
  **- મનૃસ્મૃતિ**
- કરૂણા આચરનારનું શરીર કંચન કે ચંદન નહીં પણ પરોપકારથી શોભાયમાન થાય છે
  **- ધૂમકેતુ**
- યુદ્ધથી કદાપિ એ નક્કી નથી થતું કે સાચું કે કોણ ખોટું... પણ એટલું જ નક્કી થાય છે કે કોણ બચી ગયું
  **- બર્નાડ શો**
- માણસ માત્ર એ કદી જાતે આત્મમંથન કર્યું નથી કે પોતે કયા જઇ રહ્યો છે એટલે જ દિશા વિહીન છે
  **- ફાધર વર્ગીસ**
- ક્ષણિક આવેશ આપણને ધક્કો મારે છે.. જયારે વિવેક, સંયમ આપણને પડતા બચાવી લે છે
  **- રમણ મહર્ષિ**

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધ કથા

ભુજ ઓલ ફ્રેડ હાઇસ્કૂલમાં શિક્ષક હતો ત્યારે ૨૫-૩૦ વિદ્યાર્થીઓને લઇ 'રૂદ્રમાતા' ડેમ જે ચોમાસા પછી ભરચક હતો ત્યાં પ્રવાસે ગયા. સાંજના સમયે ડેમના ઓવરફ્લો પાસે માત્ર એક ફૂટ પાણી નીચું હતું ત્યાં નીચે તો ઘણું ઊડું હતું. એક મામલતદારના પુત્ર મારા વિદ્યાર્થીને મારી મજાક કરવાનું સૂઝયું - કહ્યું, સાહેબ! અહીંથી તમે થોડુંક તરીને સાથે સાથે ચાલો તો આ બધા વિદ્યાર્થીને મારા તરફથી આઇસ્ક્રીમ... મેં કૂદકો માર્યો અને બધા વિદ્યાર્થીઓને આઇસ્ક્રીમ જીતાડ્યો. પણ દૂરથી જોતો ચોકીદાર દોડતો આવ્યો અને કહ્યું આમાં કોણ કુધું હતું. આમા મોટા મોટા મગરમચ્છ છે અને ખૂબ જોખમી છે. હું અને વિદ્યાર્થીઓને ભૂલ સમજાઇ - ગંભીર મૌન છવાયું..

એક તોફાની અને વિદ્યાર્થી જે વ્યસની પણ હતો. તેની આ બીજી વાત અહીં કહું છું...

વિદ્યાર્થીઓના પ્રવાસમાં એ વિદ્યાર્થીને પોતાનું શૌર્ય બતાવવાની ઇચ્છા થઇ અને નદીમાં કુદ્યો. નદીનો પ્રવાહ જોસભેર હતો તે ખેંચાવા લાગ્યો. વિદ્યાર્થીએ બૂમો પાડી, સર, મને બચાવો હું તણાઇ રહ્યો છું.' શિક્ષક કુદ્યા અને માંડ માંડ વિદ્યાર્થીને બહાર કાઢ્યો.

ધ્રુજતે શરીરે વિદ્યાર્થીએ શિક્ષકનો આભાર માન્યો. શિક્ષક કહે - કેમ? વિદ્યાર્થી કહે મારી જિંદગી બચાવવા માટે - શિક્ષક કહે જો - જે મેં બચાવી એ જિંદગી હવે મારી છે. એમાં તું તોફાન-મસ્તી-વ્યસન છોડી દે!

વિદ્યાર્થી શિક્ષકના પગમાં પડ્યો અને પ્રતિજ્ઞા લીધી.

Email - sureshchandrabhatt18@gmail.com

## દીપડાના પગલાંની છાપમાં ફક્ત આગળની દિશામાં આંગળીઓ અને પાછળની દિશામાં મોટી ગાદીનાં નિશાન જોઇ શકાય છે, પગના તળીયા કે એડીનું નિશાન જોવા મળતું નથી, કારણ કે તે આંગળાને ટેકે ચાલે છે

### હરિયાળું હરણોધાન

**- નટવર હેડાઉ**

'દીપડો આવ્યો છે?'

'કયાં?'

'ઇન્દ્રોડા પાર્કમાં'

'શું વાત કરો છો?'

'હા, વાત બિલકુલ સાચી છે. સવારે પક્ષીદર્શનમાં બાળકોને લઇને ગયો હતો ત્યારે તેના પગલાંના નિશાન જોવા મળ્યા.' નૂર મહંમદે કહ્યું.

'હાં સાહેબ મેં પણ જોયા છે.' ખુમાનસિંહે તેમની વાતમાં સમર્થન આપ્યું.

'પણ આ પગલાં દીપડાના જ છે તે કેવી રીતે ખબર પડે બીજાં પ્રાણીના પણ હોઇ શકે છે.' મેં શંકાવ્યક્ત કરી.

'પુછો આ રસીકબાઇને અમે ત્રણે હમણાં જ સામે કોતરોમાં જઇને ફરી વાર નિરીક્ષણ કર્યું.' નૂર મહંમદે કહ્યું.

'મારે તે જોવાં પડશે ચાલો કઇ તરફ છે.' મેં કહ્યું.

'આ ટેકરીની પાછળના ભાગે કેડી પર સ્પષ્ટ રીતે દેખાય છે. અમે તેને ફરતે કુંડાળા પણ કર્યા છે.' ખુમાને કહ્યું.

અમે ચારે જણા ટેકરી ચડીને કોતરોમાં બનાવેલી વનકેડી પર જોતા આગળ વધ્યા. શિળાયાનો સુરજ ધીમે ધીમે તપવા લાગ્યો હતો. શિબિરમાં આવેલાં બાળકો જમવા બેઠા હતા.

'જુઓ અહીંથી પદ્ચિનહો સ્પષ્ટ દેખાય છે.' ખુમાને કહ્યુ. ખુમાનસિંહ વાઘેલા નજીકના પેથાપુર ગામથી આવતો તરવરીયો અને સાહસી યુવાન હતો. તેણે થોડા જ સમયથી અહીં પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં આવવાનું શરુ કર્યું હતું. પરંતુ તેની નિરીક્ષણ શક્તિ ગજબની હતી. તેણે એક પછી એક પગલાંના નિશાન મને બતાવ્યા. પાર્ક વોર્ડન તરીકે મારા માટે આ એક નવો જ અનુભવ હતો. રસીકભાઇ પટેલ સ્નેક કમ વાઇલ્ડ લાઇફ પાર્ક કીપર તરીકે કામ કરે છે. તેમને હિંસક પ્રાણીઓનો બહોળો અનુભવ છે. તેમણે પણ વાતને સમર્થન આપ્યું કે પગલાં તો દીપડાનાં જ છે. નૂર મહંમદ ઠેબા આમ તો આસીસ્ટન્ટ વાઇલ્ડ લાઇફ પાર્ક કીપર તરીકે કામ કરે છે તેમનો અનુભવ અને જ્ઞાન પક્ષીઓ બાબતમાં વધુ છે. પણ આજે એક જુદી જ વાત એ લઇને આવ્યા ત્યારે થયું કે આકાશમાં પંખીઓને જોતા નથી જમીન પર ઘણું ધ્યાન આપે છે. સરકારી તંત્રમાં અધિકારીઓ નીચેના સ્ટાફને હંમેશા શંકાની દૃષ્ટીથી જ જૂએ અથવ તેમની વાતમાં જાત જાતની શંકાઓ કરે તે સામાન્ય બાબત છે.

વર્ષોથી એક જ ઘરેડમાં કામ કરતાં કરતાં આવું બનતું હશે એવું આજે મને લાગે છે કારણ કે જયારે મને દીપડાના પદચિન્હોની વાત જાણવા મલી ત્યારે મારું વર્તન પણ કંઇક એવું જ હતું. જો કે આ વિસ્તારમાં ઝરખ હોવાના પુરાવાઓ પણ અગાઉ અનેક વખત જોયાની વાત પણ કરી છે. તેથી એકવાર એમ પણ થયું કે પગલાં દીપડાને બદલે ઝરખનાં પણ હોઇ શકે છે. બંને પગલાં વચ્ચે તફાવત બહુ જ સામાન્ય હોય છે. દીપડાના પગલામાં પગની ગાદીનું જ નિશાન જોવા મળે છે. જયારે ઝરખના પગલામાં નખના નિશાન જોઇ શકાતાં હોય છે. આ પગલાંના નિશાન દીપડાંનાં જ છે તેના સમર્થનમાં રસીકભાઇએ વાત કરતાં કહ્યું કે દીપડાના પગલાંની છાપમાં ફક્ત આગળની દિશામાં આંગળીઓ અને પાછળની દિશામાં મોટી ગાદીનાં નિશાન જોઇ શકાય છે. પગના તળીયા કે એડીનું નિશાન જોવા મળતું નથી. કારણ કે તે આંગળાને ટેકે ચાલે છે. તે આંગળીઓ પર ચાલતો હોઇ ચાલતી વખતે તેના પગના તળીયા જમીનથી અદ્ધર રહે છે અને શરીરનું સંતુલન અલગ અલગ પગ પર વારાફરતી વહેંચાતું રહે છે. તેના પગલાંની છાપમાં ફક્ત ચાર આંગળાની છાપ જોવા મળે છે.

જોકે તેના આગળના પંજામાં પાંચ આંગળીઓ અને પાછળના પંજામાં ચાર આંગળીઓ હોય છે. એટલે કે આગળ અને પાછળ મળી કુલ ૧૮ આંગળીઓ અને નખ હોય છે. પરંતુ આગળના પંજામાં અંગુઠો ઉપરના ભાગે જોડાયેલો હોઇ. તેની છાપ જમીન પર પડતી નથી. તેથી આગળના પગની છાપમાં ચાર આંગળીઓની જ છાપ જોવા મળે છે. તેનો આગળનો પગ મોટો અને પાછળનો પગ નાની હોય છે. આગળના પગમાં મધ્ય ગાદી નાની તથા લાઇનમાં અંદરના ભાગે હોય છે. પાછળના પગમાં બધી ગાદી સરખી અને એક જ લાઇનમાં હોય છે. જુઓ ખાસ નોંધવા જેવી બાબત એ છે કે તેના આગળના પગની ઉપર પાછળના પગની છાપ સ્પષ્ટ જોઇ શકાય છે.

'હાં તમારી વાત તો સાચી છે. પણ આપણે ત્યાં અવારનવાર ઝરખ જોવા મળે છે. તેની શંકા ઊભી થાય છે.' મેં કહ્યું.

'હાં, મેં પણ પાર્કના નીલગીરી પ્લોટમાં ઘણી વખત ઝરખના પદ્ચિહ્નો જોયા છે. ઝરખના પગની રચના શ્વાનકુળના પ્રાણીઓ જેવી હોય છે. આ પ્રાણી તેના આંગળા પર ચાલે છે. તેના દરેક પગના પંજામાં આગળ-પાછળ બધાના ચાર-ચાર આંગળા હોય છે. આમ કુલ ૧૬ આંગળા કે નખ તે ધરાવે છે. નખ ટુંકા અને બુઠ્ઠા હોય છે. તેના નખ ઉપર રક્ષણાત્મક ચામડીનું આવરણ હોતું નથી. તથા તેના નખ પાછા ખેંચી શકાય તેવા હોતા નથી. તેના પાછળના પગની લંબાઇ પ્રમાણમાં આગળના પગ કરતાં ઓછી હોવાથી ચાલતી વખતે તે કુદકા ભરતું હોય તેમ ચાલે છે. પરિણામે આગળના પગની છાપ પ્રમાણમાં વધારે સ્પષ્ટ ઉપસી આવેલી છે. આગળના પગની છાપ પાછળના પગની છાપ કરતાં પ્રમાણમાં થોડી મોટી પણ હોય છે. તેની મુખ્ય ગાદી અસમાન અને અંડાકાર જેવી લંબગોળ હોય છે. તેના આંગળા અને ગાદીની છાપ ને સ્પષ્ટ રીતે બે કે ચાર ભાગોમાં વહેંચી શકાતી નથી. તેની આંગળાની છાપ ગુલાબની પાંદડી જેવી દેખાય છે. ઝરખના પદ્ચિન્હનું માપ દીપડાના પદ્ચિન્હ જેટલું જ જોવા મળે છે. પણ તેમાં મોટો તફાવત ભાતનો હોય છે. આ જુઓ દીપડાના પદ્ચિન્હોમાં આંગળાની છાપ કે ગોળ કે લંબચોરસ આકારની હોય છે. તેમાં નખના નિશાન જોવા મળતા નથી. તેના પદ્ચિન્હોને બે કે ચાર ભાગમાં વહેંચી શકાય છે.'

'આ બધું ખરેખર જાણવા જેવું છે હો રસીકભાઇને તો લાગે છે કે જાણકાર ન હોય તે દીપડાને ઝરખના પગલાંની છાપ ઓળખવામાં ભુલ કરી શકે ખરું ને?' મેં કહ્યું.

'હાં સાચું કહું તો મને આટલી બધી નહોતી આજે આ બધું જાણ્યા પછી બંને વચ્ચેનો તફાવત વધુ સ્પષ્ટ બન્યો છે.' ખુમાનસિંહે કહ્યું.

અમે બધા આગળ ચાલ્યા. ગીચ ઝાંખરા અને ઝાડીની વચ્ચે દીપડો કયાંક સંતાઇને બેસી રહ્યો હશે ને? એ પ્રશ્ન આવતાં ખુમાનસિંહ આમતેમ આગળપાછળ જોવા લાગ્યો. ત્યાં નૂરમહંમદે કહ્યું.

'જુઓ આ તેની હગાર, હવે તો ચોક્કસ પણે કહી શકાય તેમ છે કે દીપડો જ છે.'

'હાં, ઝરખની વિષ્ટામાં હાડકાંનું પ્રમાણ વધારે હોવાથી તેનો રંગ આછો કે ઘાટો સફેદ હોય છે. આ તો દીપડાનું જ તાજું જ લીંડુ છે. તેથી કાળા રંગનું છે અને ગંધાય પણ છે. તેમાં વાળ અને હાડકાંનું પ્રમાણ જોતા તેણે ભૂંડ જેવાં પ્રાણીનો શિકાર કર્યો હોય એમ લાગે છે.' રસીકભાઇએ વાતને સમર્થન આપતાં કહ્યું.

'અરે! સાહેબ જુઓને આ ઝાડ પર કોઇ પ્રાણીએ નહોર માર્યા હોય તેવાં નિશાન છે.' ખુમાનસિંહે કહ્યું.

સુરજ માથે બરાબર તપવા લાગ્યો હતો. શિયાળાનો તાપ પણ બપોર તો આકરો જ લાગે. ગીચ ઝાડી હોવાથી પવન પણ નહોતો. તેથી બફારો વધુ લાગતો હતો. આજુબાજુનું સમગ્ર વાતાવરણ જાણે ધગધગતું હોય તેવું અનુભવાતું હતું. કેમ્પ સાઇડેથી ચાલતા ચલતા અમે સૌ ઘણાં દૂર નીકળી ગયા હતા. તરસથી ગળું સૂકાતું હતું. પણ અહીં કયાંક પાણી મળવાની શક્યતા ન હતી. પગદંડી પર ચાલતા પાદડાંને જોઇએ તો ઝાંખરામાં છુપાયેલું સસલું તે જ ગતિથી ભાગતું દેખાય ત્યારે હાશકારો થાય. રસીકભાઇએ વાત વાતમાં કહેલું કે દીપડો ઝાડ પર પણ ચડી શકે અને દિવસે ઝાડની ઊંચી ડાળ પર ચડીને બેઠા હોય તો દેખાય પણ નહીં ત્યારે ખુમાનસિંહે ટેન્શમાં આવી ગયેલો. તે અમારી સાથે ચાલતાં ચાલતાં ચારેબાજુ નજર દોડાવતો હતો તેની સાથે સાથે દરેક ઝાડનું પણ બરાબર નિરીક્ષણ કરતો હતો. તેની આ ચોકસાઇ મને ગમી. દીપડાની હગારનો નમૂનો લીધો અને પગલાંના નિશાન જયાં બરાબર દેખાતાં હતાં તેને રસીકભાઇએ ઢંકાવ્યા. તેમણે ખુમાનસિંહને કહ્યું કે જમીને પાછા આપણે અહીં આવીશું ત્યારે પગલાંની પ્લાસ્ટ કાસ્ટ કરીશું.

'એ કઇ રીતે થાય?' ખુમાનસિંહ પુછ્યું.

'પ્લાસ્ટર કાસ્ટ બનાવવા માટે બે ભાગ પ્લાસ્ટર ઓફ પેરીસ અને એક ભાગ પાણી એમ બંનેના મિશ્રણથી રબડી જેવું દ્રાવણ બનાવવામાં આવે છે. પ્લાસ્ટર ઝડપથી જામી જાય તેવું હોવું જોઇએ.'

'સાહેબ, આપણે એ પ્રમાણે રબડી બનાવીને લઇ આવીશું. કામ સરળ થઇ જાય.' ખુમાનસિંહે કહ્યું.

'ખુમાન આ મિશ્રણ, તેનો ઉપયોગ કરવાનો હોય તેના થોડીવાર પહેલાં જ બનાવવું જોઇએ. મેં કહ્યું, અમે બધા કેમ્પ સાઇટ તરફ આવવા પાછા ફર્યા. તેં દરમિયાન રસીકભાઇ પોતાનો અનુભવ અમારી વચ્ચે વહેંચતા હતા. તેમણે પગલાંની પ્લાસ્ટર કાસ્ટની પદ્ધતિ સમજાવતા કહ્યું કે, 'પગલાંની છાપ પરથી બનાવવામાં આવેલ મૂળ પ્લાસ્ટર કાસ્ટને 'નેગેટીવ' કહેવામાં આવે છે. ઉપસેલી હોય છે. જયારે તેના આધારે બનાવેલી ખાડાવાળી પ્લાસ્ટર કાસ્ટને 'પોઝીટીવ' કહેવામાં આવે છે. જેમાં આગળા તથા ગાદીના ખાડા જોવા મળે છે.

'આપણે આ બધા પગલાંની પ્લાસ્ટર કાસ્ટ બનાવીશું માટે શિબિરમા બાળકોને પણ એ બતાવવી છે.' ખુમાનસિંહે કહ્યું.

'ખુમાનસિંહ તમે વધુ પડતાં ઉત્સાહી છો. હમણાં કોઇને દીપડાનાં પગલાંની વાત કરવાની નથી. આ વાત આપણી વચ્ચે જ રહેવી જોઇએ. વળી બધા પગલાંની કંઇ પ્લાસ્ટ કાસ્ટ ન બને. ઉંડું, સ્પષ્ટ અને ભેજવાળી યોગ્ય જગ્યામાં પડેલ પગલાંની પ્લાસ્ટ કાસ્ટ થઇ શકે. તે માટે પ્લાસ્ટર ઓફ પેરીસ, પ્લાસ્ટીક કે એલ્યુમિનિયમની ૪'' થી ૬'' જાડાઇની પટ્ટી, પાણીનો જગ, રાખ બનાવવા માટે પ્લાસ્ટિક ટબલર કે નાની ડોલ, રાખના મિશ્રણને હલાવવા માટે લાકડાની સખી એ બધું ભેગું કરી રાખજો.'

## ઈસ બાર યહી તય કીયા હૈ, ઈસ બાર ઘાવો કો દેખના હૈ

### વિચારયાત્રા

**- ડૉ. જય ઓઝા**

ઇસ બાર નહીં
ઇસ બારન હીં
જબ વો છોટી બચ્ચી મેરે પાસ
અપની ખરોચ લેકર આયેગી
મૈં ઉસે ફુ-ફું કર નહીં બહલાઉંગા
પનપને દૂંગા ઊસકી ટીસ કો
ઇસ બાર જબ મૈં ચહેરો પર દર્દ લિખા દેખૂંગા
નહીં ગાઉંગા ગીત પીડા ભૂલા દેને વાલે
દર્દ કો રિસને દૂંગા, ઉતરને દૂંગા અન્દર ગહરે ઘાવ
ઇસ બાર મૈં ના મરહમ લગાઉંગા
ના હી ઉઠાઉંગા રુઇ કે ફોહે
ઔર ના હી કહૂંગા કી તુમ આંખે બંધ કર લો
ગર્દન ઉધર કર લો મૈં દવા લગા દેતા હૂં
દેખને દૂંગા સબકો હમ સબકો ખુલે નંગે ઘાવ
ઇસ બાર જબ ઉલઝને દેખૂંગા છટપટાતે
નહીં દોડૂંગા ઉલઝી ડોર લપેટને
ઉલઝને દૂંગા જબ તક ઉલઝ સકે
ઇસ બાર કર્મ કા હવાલા દેકર નહી ઉંઠાઉંગા ઔજાર
નહીં કરૂંગા ફિર સે એક નઇ શુરુઆત
નહીં આને દૂંગા જિન્દગી કો આસાની સે પટરી પર
ઉતરને દંગૂ ઉસે કિચડ મેં, ટેઢે મેઢે રાસ્તો પર
નહીં સૂખને દૂંગા દિવારો પર લગા ખૂન
હલ્કા નહીં પડને દૂંગા ઉસકા રંગ
ઇસ બાર નહીં બનને દૂંગા ઉસે ઇતના લાચાર
કિ પાન કી પીક ઔર ખૂન કા ફર્ક હી ખત્મ હો જાએ
ઇસ બાર ઘાવો કો દેખના હૈ
ગૌર સે
લમ્બે વક્ત તક
કુછ ફૈંસલે ઔર કુછ હોસલે
કહી તો શુરુઆત કરની હી હોગી
ઇસ બાર યહી તપ કીયા હૈ...

**- પ્રસૂન જોશી**

૨૦૦૮માં મુંબઇ પર ત્રાસવાદી હુમલો થયા પછી NDTV પર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પતો એક કાર્યક્રમ રજૂ થયો હતો... તેમાં યુવા ગીતકાર પ્રસૂન જોશીએ આ કવિતા રજૂ કરી હતી...

સંસદ પર હુમલો થયાની વરસી આવે ત્યારે છાપા અને ટી.વી. પર ફરી પાછી આ હુમલાની ચર્ચા થાય... કસાબને ફાંસી અપાય ત્યારે વળી પાછી તાજ હુમલાના શહીદ કોન્સ્ટેબલ અને કમાન્ડોના પરિવારને બતાવાય, ઇન્ટરવ્યુ લેવાય 'આપ ઇસ વક્ત કૈસા મહસૂસ કર રહે હૈ?' જેવા વાહિયાત સવાલ પૂછવામાં આવે છે...

એટલે અત્યારે આવા સમયે જયારે કયાંય કશા બોમ્બ બ્લાસ્ટ નથી થયા ત્યારે ક-ટાણે આ કવિતા અહીં મૂકીને ઘટના યાદ કરવાનું શું તાત્પર્ય છે? એવો પ્રશ્ન આપને થાય એ સ્વાભાવિક છે...

પરંતુ જરા વિચાર કરીએ કે, ૨૦૦૧માં આવેલા ભૂકંપમાં ૨૬મી જાન્યુઆરીએ જેણે પોતાના સ્વજનો ગુમાવ્યા હશે, તે બધા વર્ષમાં એક વાર જ એ દિવસે જ આટલા વર્ષોથી શોક મનાવતા હશે! ના. તેમની માટે દરેક દિવસ કપરો હશે...

કોઇ હોનારતને, ક્રૂર બૉંબ બ્લાસ્ટને વરસ દરવરસ જન્મદિવસ કે પુણ્યતિથિની જેમ યાદ કરવાની આદત બનાવવી એ યાંત્રિકતાની પરાકાષ્ઠા છે.

હૃદયના એક ખૂણામાં એક ગમગીની, એક ટીસ સાચવી રાખવી આવશ્કય છે.

આપણા સંતાનોને દુનિયાની કાળી બાજુ ન દેખાડવાનો અભિગમ આપણે બદલવો પડશે... અને આ શક્ય ત્યારે જ બનશે જયારે આપણે પોતે વરવી વાસ્તવિકતાને નજરઅંદાજ કરવાનું બાજુ પર મૂકીશું.

આજકાલ એક નવો ટ્રેન્ડ ચાલ્યો છે... ફેસબુક પર લાઇટ કરવાનો, બ્લોગ પોસ્ટ કરવાનો... ચાર રસ્તે કે ગલીના ખૂણે જે ચંડાળ ચોકડી ગામ ગપાટા હાકતી હતી તે સ્થાને હવે ફેસબુક કે તેવી બીજી સોશ્યિલ નેટવર્કીંગ સાઇટ્સ લઇ રહી છે...

માટે જ ૨૬/૧૧ ના રોજ કોઇ બોમ્બ બ્લાસ્ટના દુઃખિયારાઓની પોસ્ટ આવે કે તરત જ તેને ફોરવર્ડ કરીને અથવા Like કરીને ઝટપટ આપણે સહાનુભૂતિ ધર્મ બજાવી દઇએ છીએ... કામ પત્યું.

ના મિત્રો, કામ પતતું નથી... કાર્ય તો શરુ થાય છે... એક વિચિત્ર પ્રકારની સૂગ ધરાવતા આપણા હાથ-પગ જોવાની ટેવ પાડવી પડશે...

કશાથી ભાગવાનું નથી. તેને Face કરવાનું છે, ઝનૂની અને આક્રમક મનોબળ ધારણ કરીશું તો વધુ સ્વસ્થ રહી શકીશું.

બાળકોને પેમ્પરીંગ કરી કરીને આપણે બગાડી મૂકીએ છીએ... સગવડતાઓથી તરબતર કરી દઇએ છીએ... જુગુપ્સા ચડે, ચિત્રી ચડે, ઉબકા આવે તેવા આપણા સમાજના શર્મનાક કિસ્સાઓથી સંતાડતા ફરીએ છીએ... અને આ જ ખરી, મુશ્કેલી પેદા કરે છે... કારણ કે બાળકને આ જ સમાજમાં શ્વસવાનું છે, કયાં સુધી તમે તેનાથી બધુ છુપાવી શકશો? જયારે એક દિવસ તેની સામે અચાનક દુનિયાની કાળી બાજુ આવી જશે ત્યારે.. ૨૪ કલાક તો તમે તેનું સુરક્ષાકવચ બની શકવાના નથી... અચાનક તેની સામે જયારે અનિચ્છનીય બનાવ બનશે, ત્યારે... શું તેનામાં તે પચાવવાની તેને જીરવવાની તાકાત હશે? બાળકને નેચરલ પ્રોસેસમાં મોટો થવા દઇએ...

વધુ સંતાડતા રહેવાનો હવે કોઇ અર્થ નથી... આનો અર્થ એવો જરા પણ નથી કે... બાળકોને જન્મતાવેંત દુનિયાની બિભત્સતા, જુગુપ્સા દેખાડે રાખવાની પરંતુ... સુર્યોદય સાથે સૂર્યાસ્ત પણ થાય છે તે દર્શાવવું આવશ્યક છે... લાલ, પીળા, લીલા રંગ વચ્ચે કાળો રંગ પણ હોય છે... તે બચાવવાનું ન ભૂલીએ...

બાળપણમાં 'એલિન ઇન વન્ડરલેન્ડ'ની વાર્તા કહીએ ત્યારે, સુખદેવ-રાજગુરુ-ભગતસિંહની વાત પણ કહીએ... 'હેરી પોર્ટર' પાછળ ઘેલા થતા બાળકોને ૨૬/૧૧ ના દિવસે શહીદ થયેલા પોલીસકર્મીઓને હીરો બનાવીને તેના પણ પરાક્રમ વંચાવીએ...

આપણે ઝનૂની અને આક્રમક પ્રજા પેદા નથી કરવી પરંતુ પ્રતિકાર કરનારી સંવેદનશીલ શઠંપ્રતિ શાઠ્યં કરનારી પ્રજાને પાંગરવી હશે તો પગલાં અત્યારથી જ ભરવા પડશે...

ક-ટાણે ક-સમયે લખાયેલ આ લેખ સમયસર આત્મસાત કરવા જેવો ખરો કે નહીં!

## ગુરુના આશીર્વાદનું બળ

### ચિંતન

**- ડો.સી.એલ.પટેલ**
**અધ્યક્ષ ચારૂતર વિદ્યામંડળ**

વર્ષ ૧૯૯૩માં એચ.એમ.પટેલ સાહેબના નિધન બાદ ચારુતર વિદ્યામંડળની જવાબદારી યોગ્ય વ્યક્તિ સંભાળે તે માટે ઘણા બધા શુભેચ્છકો પ્રયત્નશીલ હતા. એમાં ખાસ કરીને એ વખતના ઉપપ્રમુખ અને જયોતિ લિમિટેડના માલિક શ્રી નાનુભાઈ અમીન તથા બીએપીએસ સંસ્થાના ગુરુહરિ પ્રગટબ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પણ ચિંતિત હતા. એનું કારણ એ હતું કે ૧૯૪૫-'૪૬માં પૂજ્ય ભાઈકાકા અને પૂજ્ય ભીખાભાઈ સાહેબને પૂજ્ય શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત થયેલા અને વિદ્યાનગરની તે વખતની વેરાન ભૂમિ પર પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે પગલાં કરેલાં. બસ, ત્યારથી જ એક પરંપરા રહી હતી કે ચારુતર વિદ્યામંડળ અને ચારુતર આરોગ્ય મંડળને બીએપીએસનો ખૂબ ભાવનાત્મક ટેકો રહેતો. આમ પ્રગટબ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ૧૯૯૩માં મને આજ્ઞા કરી કે સી.એલ., ચારુતર વિદ્યામંડળની જવાબદારી સંભાળવા માટે તમે ચેરમેનની ચૂંટણી લડો અને આ જવાબદારી સંભાળો. તેઓની આજ્ઞા બાદ મેં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષપદ માટે ઝંપલાવ્યું. મારી સાથે બેરિસ્ટર શ્રી આનંદભાઈ અમીન, ડો.સુમનભાઈ પટેલ- સારસા, શ્રી રશ્મિભાઈ પટેલ-ધર્મજ તથા તે વખતના માનદ મંત્રી શ્રી ગોરધનભાઈ પટેલે પણ આ જગ્યા માટે પ્રયત્ન કર્યો હતો. ખરેખર જ્યારે ચૂંટણી આવી ત્યારે મારા સિવાયના બીજા ચારેય જણે પોતાની ઉમેદવારી પાછી ખેંચી. મને વિદ્યાનગર મ્યુનિસિપાલિટી, ધર્મજ, કરમસદ, આણંદ, નડિયાદ, અમદાવાદ, વડોદરા વગેરેના સભાસદોનો ટેકો પ્રાપ્ત થયો. અધ્યક્ષપદની ચૂંટણીમાં હું વિજયી બન્યો. ચૂંટણી બાદ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કરવા સારંગપુર મુકામે ગયો. પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે મને આશીર્વાદ આપ્યા: 'સી.એલ., કોઈ ચિંતા કરવાની નહિ. તમારી સાથે શાસ્ત્રીજી મહારાજ છે. તમારા બધા સંકલ્પો પૂરા થશે.' તેમના આશીર્વાદથી મને નવી જવાબદારી ઉપાડવાનું બળ પ્રાપ્ત થયું. તેમણે છ ફૂટનો ગુલાબનો હાર પહેરાવી આશીર્વાદ આપ્યા. તેમના આશીર્વાદના બળથી મારા જેવી એક સામાન્ય વ્યક્તિએ અસામાન્ય કહી શકાય એવી આ મોટી જવાબદારી સંભાળવાની શરૂઆત કરી.

હું ખરેખર નસીબદાર છું કે ગુરુહરિના આશીર્વાદ સાથે કામકાજમાં જરૂરી એવા મંત્રીઓ મને પ્રાપ્ત થયા, જેઓએ પોતાનું જીવન શિક્ષણ માટે સમર્પિત કર્યું હોય. એકેડેમિક ફિલ્ડમાં મારો પોતાનો ખાસ અનુભવ નહોતો. વર્ષ ૧૯૮૮થી '૯૧ દરમિયાન હું ડો.એચ.એમ.પટેલ સાહેબ સાથે સહમંત્રી તરીકે કામ કરતો હતો. આ દરમિયાન બે વખત હું સરદાર પટેલ યુનિવર્સિટીની સિન્ડિકેટમાં ચૂંટાયો હતો અને મેં શિક્ષણ બાબત અનુભવ પ્રાપ્ત કર્યો હતો. એટલે ચારુતર વિદ્યામંડળની ઘણીબધી સંસ્થાઓ અને શિક્ષણક્ષેત્રની માહિતી મેં મેળવેલી હતી, છતાં પણ હું કહી શકું કે એકેડેમિક ફિલ્ડનો અનુભવ મારા ચારુતર વિદ્યામંડળના મંત્રીઓ, હજારો પ્રાધ્યાપકો-શિક્ષકોના યોગદાન થકી મને પ્રાપ્ત થયો અને અધ્યક્ષ તરીકે આ સંસ્થાઓમાં કામ કરવા માટે એ અનુભવની સાથે સાથે દૃષ્ટિ પણ પ્રાપ્ત થઈ. ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ પ્રમાણે એક પછી એક કામો હાથ પર લઈને પૂરાં કરવા માટે પ્રયત્નશીલ રહેતાં કામકાજમાં પ્રગતિ સાધી શકાય.

વર્ષ ૨૦૧૪માં અધ્યક્ષ તરીકે મારી કારકિર્દીનાં એકવીસ વર્ષ પૂરાં થતાં હોઈ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને પત્ર લખી આજ્ઞા મેળવી કે મારે સેવા ચાલુ રાખવી કે નિવૃત્ત થવું. તેઓની આજ્ઞા મને મળી કે તમારી સેવાની જરૂર છે. સેવા ચાલુ રાખવી અને જરૂર લાગે તો અધ્યક્ષની ચૂંટણી લડવી. આ રીતે ફરીને આગળની ટર્મ માટે મેં અધ્યક્ષની ચૂંટણીમાં ઝૂકાવ્યું, જેમાં સભાસદોના સહકારથી હું અધ્યક્ષની ચૂંટણી જીતી શક્યો. ત્યાર પછીના થોડા સમયમાં મને બીમારી લાગુ પડી. મારી બીમારીમાં મારા શરીરમાં જે કાંઈ ક્ષતિ દેખાઈ તે અંગે અપપ્રચાર શરૂ થઈ ગયો અને મારી તબિયતમાં સુધારો થઈ શકે તેમ નહિ હોવાની ખોટી રીતે પબ્લિસિટી કરીને મારી બીમારી જીવલેણ છે તેવી લોકોમાં હવા ઊભી કરવામાં આવી. આ બધું થતાં મારું 'મોરલ' નીચું ગયું, પરંતુ મારા અમેરિકાસ્થિત દીકરાઓએ પોતાના મિત્રમંડળમાંના મેડિકલ વ્યવસાયમાં કાર્યરત લોકો પાસેથી માહિતી મેળવી કે મારી બીમારી માટે જરૂરી સર્જરીના નિષ્ણાત એવા ડોક્ટર કોઈમ્બતૂરની જેમ(GEM)હોસ્પિટલના ડો.પનીરવેલુ છે. તેઓ લેપ્રોસ્કોપિ પદ્ધતિથી આવા ટ્યૂમરની સર્જરી કરતા હોવાથી તેમની એપોઈન્ટમેન્ટ લઈને ૨૭ માર્ચ ૨૦૧૫ના રોજ હું કોઈમ્બતૂર ગયો. ત્યાં બધાં પરીક્ષણો(ટેસ્ટ) બાદ ૩૦ માર્ચ ૨૦૧૫ના રોજ મારી સર્જરી થઈ. મારી સર્જરી પૂરી થતાં ડો.પનીરવેલુએ મને ખૂબ ઉમંગથી કહ્યું કે ડો.પટેલ, કોઈ જાતની ચિંતા કરશો નહીં. મારે આ ટ્યૂમરના અનુસંધાનમાં જે કાંઈ કરવાનું હતું તે બધું કર્યું છે. તમે હવે સંપૂર્ણપણે રોગમુક્ત છો. ભવિષ્યમાં તમારે કીમો કે રેડિયેશન લેવાની જરૂર નહીં રહે, એવું પણ તેમણે ભારપૂર્વક કહ્યું. આ બાજુ મારા ગુરુ પ્રગટબ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે તેમની પોતાની તબિયત નાદુરસ્ત હોવા છતાં મને આશીર્વાદ આપ્યા અને કહેડાવ્યું કે તમારે કોઈ જાતની ચિંતા કરવાની જરૂર નથી. તમે કોઈપણ રોગથી મુક્ત છો. ચિંતા કરશો નહીં. સદગુરુ સંત પૂજ્ય મહંતસ્વામીએ પણ મને ફોનથી આશીર્વાદ આપ્યા કે અમારે તો તમારી પાસેથી હજુ ૧૫ વર્ષ સેવા લેવાની છે. એટલે તમારું શરીર નીરોગી રહે એટલા માટે અમારા આશીર્વાદ છે.

છેલ્લે મેં ઝાયડસ હોસ્પિટલમાં સારવાર લીધી. ત્યાં ડો.મૌલિક શાહ, ડો.કૌશલ પૂજારા, ડો.પ્રતીક અગ્રવાલ, ડો.પરિમલ સાળવી અને મેનેજમેન્ટ બાજુથી શ્રી પ્રજ્ઞેશ ગોર સહિતનાએ ખૂબ મહેનત કરીને મને રોગમુક્ત કરવા તસ્દી લીધી. આમ છતાં અગાઉની જે બાયોપ્સી શ્રી કૃષ્ણ હોસ્પિટલમાં થોડી ઉતાવળમાં થયેલી એને માટે ચોખવટ મેળવવા માટે આ બધા ડોક્ટરોની સલાહથી પેટ-સ્કેન માટેનો આગ્રહ રખાયો. ગત ૯ જૂન ૨૦૧૫ના રોજ ગુજરાત ઈમેજિંગ સેન્ટર-સામવેદ હોસ્પિટલમાં મારું આખું બોડી ચેકઅપ થયું. ચેકઅપને અંતે એવો રિપોર્ટ મને મળ્યો કે તમારા આખા શરીરમાં કોઈપણ જગ્યાએ કેન્સરના કોઈ અંશ નથી અને તમારું શરીર સંપૂર્ણપણે કેન્સરમુક્ત છે. ત્યારપછી સોડિયમ લોસની ફરિયાદ સંદર્ભે પણ તપાસ કરાઈ હતી. સોડિયમની ૧૩૬ની માત્રા જોઈએ, એની જગ્યાએ તે ૧૩૯ થયું. શરીરની બીજી બધી જરૂરિયાતો જેમ કે બ્લડ શુગર, બી.પી. વગેરે બધું ડોક્ટરોના પ્રયત્નથી સુધારા પર છે અને હું નિયમિત રીતે સવારના ઓફિસમાં હાજરી આપું છું. મને કોઈ શારીરિક મુશ્કેલી રહી નથી એવું મને લાગે છે.

આ બધામાં એક ખાસ બાબત વાચકોના ધ્યાનમાં લાવવાનો મારો નમ્ર પ્રયાસ છે કે જીવનમાં કોઈપણ કાર્ય કે સિદ્ધિ માટે આપણને ગુરુના આશીર્વાદ હોય તો આપણે જે કાંઈ વિચારતા હોઈએ તે બધું કરી શકીએ છીએ. છેક ૧૯૯૪થી ગુરુના આશીર્વાદથી મેં જે કોઈ સંકલ્પ કર્યા હોય તે પૂરા થયા છે. ગુરુના આશીર્વાદથી જ આવું બળ હું પ્રાપ્ત કરી શક્યો તે માટે મારા ગુરુહરિ પ્રગટબ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ચરણોમાં લાખ લાખ વંદન.

**(લેખક ગુજરાતના સૌથી વિશાળ શિક્ષણ સંકુલ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ છે. સંપર્ક: cvmandal@hotmail.com)**